નેત્રંગ ખાતે ના.મુખ્યમંત્રીની ઉપસ્થિતમાં આદિવાસી ગૌરવ સંમેલન

દેશમાં આદિવાસી સમાજ માટે ગુજરાત જેવું કામ ક્યાંય થયું નથી

આપના કાર્યકરો કચેરીને તાળું મારી ભાજપમાં જોડાયા હોવાનો દાવો

ભરૂચ,તા.૧૩

ભરૂચ જિલ્લાના નેત્રંગ ખાતે આદિવાસી ગૌરવ સંમેલન યોજાઈ જેમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આદિવાસી સમાજ માટે ગુજરાત સરકારે કરેલા કાર્યોની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે દેશના કોઈપણ રાજ્યમાં આદિવાસી સમાજ માટે ગુજરાત જેટલું કામ થયું નથી. નેત્રંગના લાલમંટોડી વિસ્તારમાં યોજાયેલા સંમેલનમાં ભાજપના આદિજાતિ મોરચાના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ ગણપત વસાવાનો સન્માન સમારંભ પણ યોજાયો હતો. કાર્યક્રમ પહેલાં હર્ષ સંઘવીએ નેત્રંગ ચાર રસ્તા ખાતે આદિવાસી નાયક બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ

આદિવાસી પરંપરાગત શૈલીમાં ભવ્ય રેલી સાથે તેમનું સ્વાગત કરી સભાસ્થળે પહોંચાડવામાં આવ્યા હતા. સભાને સંબોધતા હર્ષ સંઘવીએ જણાવ્યું કે દેશના પ્રધાનમંત્રીએ પરિવારના મોભી તરીકે આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે કામ કર્યું છે. રાજ્ય સરકારમાં પણ ચાર મંત્રી આદિવાસી સમાજમાંથી છે, જે આદિવાસી સમાજને મળતી પ્રાથમિકતાનું ઉદાહરણ છે. તેમણે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પર પણ આકરા પ્રહાર કરતા જણાવ્યું કે ૨૦૦થી વધુ આગેવાનો અને કાર્યકરો ભાજપમાં જોડાયા છે અને આપના કાર્યકરો તો તાલુકા કચેરીને તાળું મારીને ભાજપમાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

રાજપીપળા નગરપાલિકાનું

૫૨ કરોડ રૂપિયાના પુરાંત વાળું બજેટ સર્વાનુમત્તે મંજૂર કરાયું

રાજપીપળા,તા.૧૩

રાજપીપળા નગરપાલિકાની વર્ષ ૨૦૨૧ માં ચૂંટણી પૂર્ણ થયા બાદ ૧૭/૦૩/૨૦૨૧ ના રોજ ભાજપે બહુમતીના જોરે પાલિકાની ધુરા સંભાળી હતી. જેને આગામી ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ ૫ વર્ષ પૂર્ણ થતા આગામી દિવસોમાં હવે પાલિકાનું શાસન વહીવટદારના હાથમાં આવશે.ત્યારે પાલિકાનું ભાજપ શાસિત બોર્ડની ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ રાજપીપળા પાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન કે.પટેલની અધ્યક્ષતામાં વર્ષ ૨૦૨૬-૨૭ માટેના સામાન્ય અંદાજપત્ર અંગેની છેલ્લી બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં ૫૨ કરોડ રૂપિયાની પુરાંત વાળું બજેટ સર્વાનુમત્તે મંજુર કરવામાં આવ્યું હતું.રાજપીપળા પાલિકા ઉપ પ્રમુખ ગિરિરાજસિંહ ખેર, કારોબારી કમિટી ચેરમેન કુલદીપસિંહ ગોહિલ, રાજપીપળા પાલિકાના ચીફ ઓફિસર જયકિશન તડવી સહિત પાલિકાના કોર્પોરેટરો અને સ્ટાફની ઉપસ્થિતિમાં અંદાજિત ૧૩૩.૮ કરોડની અંદાજિત આવક અને અંદાજિત ૮૦.૯૭ કરોડ રૂપિયાના ખર્ચ સામે ૫૨.૮૬ કરોડ રૂપિયાના પુરાંત વાળુ બજેટ સર્વાનુમત્તે મંજુર કરવામાં આવ્યું હતુ.આ બાબતે કારોબારી ચેરમેન કુલદીપસિંહ ગોહિલે જણાવ્યું હતું કે આ બેઠકમા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન શહેરમાં કરવામાં આવેલા વિકાસ કાર્યોની સમીક્ષા પણ કરવામાં આવી હતી. બેઠકમાં નગરના બાકી રહેલા વિકાસ કાર્યો આગામી દિવસોમાં ઝડપથી પૂર્ણ કરવામાં આવે તે માટે સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો.

પ્રશ્નોથી બચવા ફરીથી રાષ્ટ્રગીતનો સહારો લેવાયો

ભરૂચ પાલિકાનું રૂ.૩૭.૭૧ કરોડના પુરાંત સાથે રૂ.૨૩૫.૧૦ કરોડનું બજેટ બહુમતીથી પસાર

ભરૂચ,તા.૧૩

ભરૂચ નગર પાલિકાની ચૂંટણી પૂર્વે યોજાયેલી અંતિમ સામાન્ય સભામાં રૂ.૨૩૫.૧૦ કરોડનું બજેટ બહુમતીથી મંજૂર કરવામાં આવ્યું છે, જ્યારે કે બજેટમાં રૂ.૩૭.૭૧ કરોડની પુરાંત દર્શાવવામાં આવી છે. નગર સેવાસદનના પ્રમુખ વિભૂતિબા યાદવની અધ્યક્ષતામાં યોજાયેલી આખરી ખાસ સામાન્ય સભાની બેઠકમાં રૂ.૧૯૭.૩૮ કરોડના ખર્ચનો અંદાજ રજૂ થયો હતો. ગત વર્ષે રજૂ થયેલા રૂ.૨૦૬ કરોડના બજેટની સરખામણીમાં આ વર્ષે બજેટનો વ્યાપ વધારવામાં આવ્યો હોવાનું સત્તાપક્ષે જણાવ્યું હતું. શહેરના આઉટગ્રોથ વિસ્તારોના વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ વિકાસ કાર્યોને બજેટમાં સ્થાન આપવામાં આવ્યું છે. બજેટમાં શહેરમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, મોડેલ શાળા, આઈકોનિક રોડ, ટાઉનહોલનું નિર્માણ, શહેરના વિવિધ સર્કલોનું નવીનીકરણ તેમજ રતન તળાવના વિકાસ જેવા પ્રોજેક્ટોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

નામ બદલેલ છે

મારું જૂનું નામ પ્રીતી પ્રજ્ઞેશકુમાર જેઠવા હતું અને નવું નામ પ્રીતી પ્રજ્ઞેશ જેઠવા રાખ્યું છે.

સરનામું: બી-૩૫, અરવિન્દ સોસાયટી, ન્યુ સમા રોડ, નિઝામપુરા, વડોદરા.

જાહેર નોટીસ

સામાન્ય જનતાને જણાવવા માટે કે બેંક ઓફ બરોડા જેતલપુર શાખા શ્રી ગિરીશ એલ. ગાંડેવીકર અને શ્રીમતી સુવર્ણા ગિરીશ ગાંડેવીકરના નામે રહેલી નીચે જણાવેલ મિલકત સ્વીકારવા માંગે છે. (સરનામુ: બી/૩ આનંદ નગર સોસાયટી, જેતલપુર રોડ, વડોદરા, તેના ગ્રાહકોમાંથી એક દ્વારા વિનંતી કરાયેલ લોન / ક્રેડિટ સુવિધા માટે સુરક્ષા તરીકે.
જો કોઈને નીચે જણાવેલ મિલકત પર કોઈ અધિકાર / માલિકી / વ્યાજ / દાવા હોય, તો તેમને તેમના દાવાને સમર્થન આપવા માટે જરૂરી પુરાવા સાથે ૧૦ દિવસની અંદર બેંકનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવે છે.
જો ૧૦ દિવસની અંદર કોઈ જવાબ ન મળે, તો એવું માનવામાં આવે છે કે મિલકત કોઈપણ ચાર્જ / દાવો / બોજથી મુક્ત છે અને બેંક ગીરો સાથે આગળ વધશે.
મિલકતની વિગતો: રહેણાંક અને વાણિજ્યિક મિલકત પ્લોટ નં. ૩/બી આનંદ નગર સોસાયટી જેતલપુર બ્રિજ પાસે. વડોદરા ૩૯૦૦૦૭. શ્રી ગિરીશ એલ. ગાંડેવીકર અને શ્રીમતી સુવર્ણા ગિરીશ ગાંડેવીકરની માલિકીની ૩૩૩ ચોરસ મીટર. મિલકતની ચતુ:સીમાઓ છે: પૂર્વ: પ્લોટ નં. ૩/એ, પશ્ચિમ: પ્લોટ નં. ૪, ઉત્તર: મુખ્ય માર્ગ, દક્ષિણ: બ્લોક નં. ૬.
શાખા વિગતો: બેંક ઓફ બરોડા, જેતલપુર શાખા
ફોન: ૯૪૮૭૬૮૯૧૧૭

Seal

એડવોકેટ (સ્મિતા વર્મા)
ગુજરાત હાઈકોર્ટ
ફોન : ૯૪૦૪૪૯૮૨૦૮

NOTICE FOR LOSS OF SHARE CERTIFICATES

NOTICE is hereby given that the following Certificate (s) for **500** Equity Shares Of **SHILCHAR TECHNOLOGIES LTD.** Standing in the name (s) of **AMAR B JOSHI & SHILPA A JOSHI** has / have been lost or mislaid and the undersigned has / have applied to the company to issue duplicate Certificate (s) for the said shares.

Folio No.	No. of securities held	Security Certificate No.	Distinctive No's	
			From	To
A0000006	500	33 (Face Value Rs. 10/-)	78191	78690
TOTAL	500			

Any person who has any claim in respect of the said shares should write to our registrar, **MCS Share Transfer Agent Ltd.**, 10 Aram Apartment, 12 Sampatrao Colony, B/H Laxmi Hall Alkapuri, Vadodara, Gujarat 390007 within one month from this date else the company will proceed to issue duplicate Certificate (s).

Name (s) of shareholder(s)
AMAR B JOSHI &
SHILPA A JOSHI

Date: 13.03.2026
Place: Vadodara

NDDB DAIRY SERVICES
SAFDARJUNG, NEW DELHI

Invitation For Bid (IFB), Local Competitive Bidding (LCB)

Sr. No.	Description of ITEMS & Services with Bid Ref Number	Event Start/ Close Date	Bid Submitting Platform	EMD
1	Supply of Milch animals at CCBF Andeshnagar, Alamadhi, Dhamrod NDS / ANIMALS / CCBFS / MARC / 25-26 / 01	Start Date :- 14-03-2026 22-03-2026	https://events.ncdfiemarket.com/bidder/	Rs. 5 Lakh

For further details pertaining to IFB and for downloading the bid document, please visit the websites :
https://www.nddbdairyservices.com / & https://www.ncdfiemarket.com/index.php/auctions-2/#tab-44753
Please Note : Any corrigendum/modification etc. will be posted only on the above website

MADHYA GUJARAT VIJ COMPANY LTD.
MGVCL
ISO-9001-2008 Certified Company
O&M) Circle Office, 3rd Floor, Nagar Palika Bhavan, NADIAD–387001
Ph. No. (0268) 2562204 / 2562208 Fax No. (0268) 256229
Public Notice

Tender Notice No. 07/26 Tender are invited vide 1). Tender Id No : **280203** Annual Rate Contract for Onsite Maintenance of 11/0.250 KV, 1-Phase & 11/0.433 KV 3-Phase Distribution Transformers of various ratings on item wise rate under Nadiad O&M (Rural) Division of MGVCL. 2).Tender Id No.285392 :ARC for Preparation of in house fabrication of all Items at Mahemdabad Division Store under Mahemdabad Division (Including GST) .Date are extended up to 17.03.2026 1). Tender ID No.278011 ARC for Erection of HT / LT / TC and maintenance work with the rate of Nut Bolt at Piplag s/dn & Anywhere under Nadiad City Division. 2). Tender ID No.278026 ARC for Erection of HT / LT / TC and maintenance work with the rate of Nut Bolt at Nadiad East s/dn & Anywhere under Nadiad City Division.The details are put up on https://tender.nprocure.com and www.mgvcl.com Be in touch with website till tender is open.

Date:13.03.2026 Superintending Engineer, (O&M), MGVCL, C .O, Nadiad

બેંક ઑફ બરોડા Bank of Baroda
બેંક ઓફ બરોડા, દરબાર ચોકડી શાખા, ઓમકારા રેસીડેન્સી, સન સિટી રોડ, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧
હરાજી વેચાણ નોટિસ ગોલ્ડ લોન માટે.

નોટિસ

નીચે જણાવેલ વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે તેઓ ગોલ્ડ લોન ખાતાઓમાં જવાબદારી ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે. રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા નોટિસ મોકલેલ અથવા રજીસ્ટર્ડ પોસ્ટ મોકલવામાં આવેલી નોટિસ બેંકને વિતરિત કર્યા વિના પરત કરવામાં આવી છે. તેથી તેઓને જવાબદારી અને અન્ય ચાર્જીસ ચૂકવવા અને **૨૫.૦૩.૨૦૨૬** ના રોજ અથવા તે પહેલાં ગીરવે મૂકેલી જામીનગીરીઓને રિડીમ કરવા વિનંતી કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર ઉપરોક્ત જામીનગીરીઓ બેંક દ્વારા જાહેર હરાજીમાં બેંકના પરિસરમાં **સવારે ૧૧:૦૦/બપોરે ૧૨:૦૦** વાગ્યાથી તા. **૨૭.૦૩.૨૦૨૬**ના રોજ અથવા ત્યારબાદની અન્ય કોઈ અનુકૂળ તારીખે વધુ નોટિસ આપ્યા વિના વેચવામાં આવશે.

ક્રમ નં.	શાખાનું નામ	લોનની તારીખ	લોન નંબર	દેવાદારોના નામ
1	૩૫૩૬-દરબાર ચોકડી, ગુજરાત	૩૦-૧૨-૨૦૨૩	33460600003065	રબારી ભગુભાઈ ફુલાભાઈ

"લાગુ પડતો **GST/TDS** વેચાણ પર ખરીદનાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે"

તારીખ : ૧૨.૦૩.૨૦૨૬ સ્થળ : વડોદરા નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનું અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

વડોદરા મહાનગરપાલિકા
એફોર્ડેબલ હાઉસીંગ વિભાગ
www.vmc.gov.in
જાહેર સુચના
પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વારસીયા-સંજયનગર ખાતે તૈયાર થનાર EWS-1 ટાઇપના આવાસો ફાળવવા અંગેના ઓનલાઇન ફોર્મ ભરવાની સમય મર્યાદા લંબાવવા બાબત

વડોદરા મહાનગરપાલિકાની એફોર્ડેબલ હાઉસીંગ શાખા, રાવપુરા દ્વારા PRO No : ૧૧૭૫/૨૫-૨૬ થી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વિવિધ યોજનામાં આવાસો મેળવવા ઓનલાઇન મંગાવવાની પ્રક્રિયા કરવામાં આવેલ હતી. જે પૈકી **વારસીયા-સંજયનગર રે.સર્વે નં.૩૮૪-૮૧૪-૪૧૭ (બેન્કર્સ હાર્ટ હોસ્પીટલ સામે, વારસીયા રિંગ રોડ, વારસીયા-સંજયનગર)** ખાતેના **EWS-1** ટાઇપના આવાસ **(આવાસની કિંમત રૂ.૩,૦૦,૦૦૦/-)** મેળવવા માટે ઓનલાઇન ફોર્મ ભરવાની સમયમર્યાદા વધુ **30 દિવસ** એટલે કે **તા.૧૩/૦૪/૨૦૨૬ સાંજના ૦૬.૦૦ કલાક** સુધી લંબાવવામાં આવે છે.

તા.૧૩/૦૪/૨૦૨૬ના રોજ **સાંજના ૦૬.૦૦ કલાક** સુધી ફોર્મ ભરી શકાશે તથા જરૂરી દસ્તાવેજો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ **www.vmc.gov.in** પર અપલોડ કરી શકાશે. જેની જાહેર જનતાએ નોંધ લઈ તેનો લાભ લેવા જણાવવામાં આવે છે.

પી.આર.ઓ.નં.૧૨૮૬/૨૫-૨૬ **એફોર્ડેબલ હાઉસીંગ સેલ દ્વારા પ્રકાશિત**

પંજાબ નૈશનલ બૈંક punjab national bank
પીએનબી ફતેહગંજ શાખા – ૩૪૦૫૦૦, ઈશ્વરકૃપા બિલ્ડીંગ, સેફરોન ટાવરની સામે, ફતેહગંજ, વડોદરા–૩૯૦૦૦૨ (ગુજરાત). ફોન: ૦૨૬૫–૨૭૯૧૪૩૨, ૨૭૮૫૬૪, ઈમેલ: bo3405@pnb.co.in

Appendix-IV [See Rule 8(1)] **કબજા અંગેની નોટિસ** (For immovable Property)

આથી નીચે સહી કરનાર પંજાબ નેશનલ બૈંક ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૧૨) સાથે વંચાતા નિયમ–૩ હેઠળ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ હેઠળ તા. ૦૭.૧૦.૨૦૨૫ ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરી જેમાં કરજદાર/જામીનદાર/મોર્ટગેજર (૧) મેસર્સ અંબે મા ટ્રેડર્સ પ્રોપ્રાઈટર પવન અંબાલાલ પવાર ને નોટીસમાં જણાવેલ રકમ રૂા. ૨૦,૧૯,૩૭૩.૬૭ (રૂપિયા વીસ લાખ ઓગણીસ હજાર ત્રણસો તોતેર અને સડસઠ પૈસા પુરા) તા. ૩૧.૧૨.૨૦૨૫ ના રોજ, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર સંપૂર્ણ ચુકવણી ન થાય ત્યાં સુધી વધુ વ્યાજ અને ખર્ચ સાથે ચૂકવવાપાત્ર.
કરજદાર/જામીનદાર/મોર્ટગેજર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, આથી કરજદાર/જામીનદાર/મોર્ટગેજર અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે હસ્તાક્ષરકર્તાએ ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચી નીચે વર્ણવેલ મિલકતનો કબજો તા.૧૨.૦૩.૨૦૨૬ ના રોજ મેળવેલ છે.
કરજદાર/જામીનદાર/મોર્ટગેજર અને જાહેર જનતાને સામાન્ય રીતે અહીંથી ચેતવણી આપવાની કે નીચે દર્શાવેલ મિલકતો અંગે કોઈ વ્યવહાર કરવો નહીં અને મિલકતો અંગેનો કાઈપણ વ્યવહાર પંજાબ નેશનલ બેંક ની બાકી રકમ રૂા. ૨૦,૫૬,૮૨૭.૬૭ (રૂપિયા વીસ લાખ છપ્પન હજાર આઠસો સત્યાવીસ અને સડસઠ પૈસા પુરા) તા. ૨૮.૦૨.૨૦૨૬ ના રોજ અને પ્લસ તેના પર ના અન્ય ચાર્જીસ.
૩૧.૧૨.૨૦૨૫ થી ૧૦.૦૩.૨૦૨૬ સુધી વસૂલ કરેલ રકમ શૂન્ય છે.
ગીરવે રાખેલ અસ્કયામતો આપેલા સમયમાં છોડાવવા અંગે કરજદારો નું કાયદાના સેક્શન ૧૩ ના સબ–સેક્શન (૮) ની જોગવાઈ તરફ ધ્યાન દોરવામાં આવે છે.

સ્થાવર મિલ્કત નું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા ની મિલકત આવેલ નો રજીસ્ટ્રેશન જીલ્લો વડોદરા, સબ જીલ્લો વડોદરા ગામ–વડોદરા સીટી સીટી સર્વે નં. ૩૭, વિભાગ–એ, ટીક્કા નં. ૨૦/૧, કુલ ક્ષેત્રફળ આશરે ૯૭.૮૨.૭૨ ચોરસ મીટર, જે બીજા માળે બાંધકામ ઘર/ફલેટ ક્ષેત્રફળ આશરે ૯૭.૮૨.૭૨ ચોરસ મીટર, સાથે અવિભાજીત હિસ્સો નો જમીન એરીયા ૩૨.૬૦.૯૦ ચોરસ મીટર, ગોર્વધન નિવાસ, ૨જો માળ, કોયલી ફળીયા સામે, ફતેહપુરા, વડોદરા–૩૯૦૦૦૧ જે શ્રી પવન અંબાલાલ પવાર ના નામે છે. ચતુર્સીમા: પૂર્વ: પીતામ્બર પોળ નો રોડ, પશ્ચિમ: ભાવસાહેબ હવેલી તરફનો રસ્તો, ઉત્તર: સી.એસ. નંબર ૩૮/૨, દક્ષિણ: કોયલી ફળિયાથી પીતાંબર પોળ સુધીનો રસ્તો.

તા.: ૧૨.૦૩.૨૦૨૬- સ્થળ: વડોદરા નોંધ: વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

POSSESSION NOTICE

(For Immovable Property as per Rule 8(1) of Security Interest (Enforcement) Rules, 2002)

Whereas the undersigned being the Authorized Officer of **Shree Vardhaman Sahakari Bank Ltd.**, under the SARFAESI Act, 2002 and in exercise of powers conferred under Section 13(12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002, issued a Demand Notice dated **31/07/2025**.

The notice called upon the Borrowers/Guarantors/Mortgagors **M/s. Yamuna Trading Company** (Partners: Mr. Parag Rameshchandra Shah and Mr. Kushal Parag Shah) to repay the amount mentioned in the notice being INR 1,68,72,345.69/- (Rupees One Crore Sixty-Eight Lacs Seventy-Two Thousand Three Hundred Forty-Five and Sixty-Nine Paisa Only) as on 26/06/2025 plus further interest and charges within 60 days from the date of receipt of the said notice.

The Borrowers having failed to repay the amount, notice is hereby given to the Borrowers and the public in general that the undersigned has taken **SYMBOLIC POSSESSION** of the property described herein below in exercise of powers conferred on him/her under Section 13(4) of the said Act read with Rule 8 of the said Rules on **09-03-2026**.

The Borrowers in particular and the public in general are hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of **Shree Vardhaman Sahakari Bank Ltd.** for an amount of INR 1,62,13,115.69/- as on 09/03/2026 plus further interest and charges.

The Borrower's attention is invited to the provisions of Sub-section (8) of Section 13 of the Act, in respect of time available to redeem the secured assets.

DESCRIPTION OF IMMOVABLE PROPERTIES

- **Property # 1:** Shop No. 10, Ground Floor, Devkinandan Complex, Near Sussen Circle, Makarpura Main Road, Vadodara (S.B.A. 393 Sq. Ft. of C.S. No. 2086, R.S. No. 304/1).
- **Property # 2:** Block No. A-36, Plot adm. 142.72 Sq. Mtrs, Pranav Co-Operative Housing Society Ltd., Vibhag-1, Manjalpur, Vadodara.

Date: 13-03-2026. **Authorized Officer,**
Place: Vadodara. **Shree Vardhaman Sahakari Bank Ltd.**

બાન્કો પ્રોડક્ટસ (ઈન્ડિયા) લિમિટેડ
રજી. ઓફીસ : બીલ, ભાયલી રેલ્વે સ્ટેશનની પાસે, પાદરા રોડ, જિલ્લો : વડોદરા - ૩૯૧૪૧૦. ફોન નં. : (૦૨૬૫) ૨૩૧૮૨૨૬
ઈ-મેલ : investor@bancoindia.com • વેબસાઈટ : www.bancoindia.com
CIN : L51100GJ1961PLC001039

સૂચના

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે, કંપનીની શુક્રવાર, ૧૩ માર્ચ, ૨૦૨૬ ના રોજ યોજાયેલી બેઠકમાં, વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રતિ ઈક્વિટી શેર રૂા.૨/- ના દરેક શેર પર રૂા.૮/- (૪૦૦%) નું બીજું ઈન્ટરિમ ડિવિડન્ડ જાહેર કર્યું છે. કંપનીએ ઈન્ટરિમ ડિવિડન્ડ મેળવવા હકદાર શેરહોલ્ડર્સ નક્કી કરવા માટે ગુરૂવાર, ૧૯ માર્ચ, ૨૦૨૬ ને રેકોર્ડ તારીખ તરીકે નક્કી કરી છે. ડિવિડન્ડની ચુકવણી બુધવાર, ૨૫ માર્ચ, ૨૦૨૬ થી આગળ કરવામાં આવશે.
કંપનીએ કંપની / ડિપોઝિટરીઝ સાથે નોંધાયેલા તમામ શેરહોલ્ડર્સને ઈ-મેલ દ્વારા જાણ કરી છે, જેમાં નિર્ધારિત દર મુજબ ડિવિડન્ડ પર કર મુક્તિ મેળવવા અથવા વિથહોલ્ડીંગ ટેક્ષ (ટીડીએસ) માટે જરૂરી પ્રક્રિયા અને દસ્તાવેજીકરણ વિશે વિગતવાર સમજ આપવામાં આવી છે.
આ જ માહિતી કંપનીની વેબસાઈટ www.bancoindia.com તથા સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

વતી બાન્કો પ્રોડક્ટસ (ઈન્ડિયા) લિમિટેડ
સ્થળ : બીલ **સહી/-**
તારીખ : ૧૩.૦૩.૨૦૨૬ **કંપની સેકરેટરી**

સામાન્ય સભા નો એજન્ડા

આથી તમામ વડોદરા જીલ્લામાં રહેતા દેવીપુજક સમાજના લોકો ને જણાવવાનું કે તારીખ : ૧૮/૦૩/૨૦૨૬ ના રોજ દેવીપુજક સમાજના લોકો માટે ટ્રસ્ટ નોંધણી કચેરીમાં દેવીપુજક સમાજના લોકો દ્વારા "દેવીપુજક મઢ સમતા સમિતિ ટ્રસ્ટ" નામ થી સંસ્થા નોંધાવવા માંગતા હોય, ઈચ્છુક અને રસ ધરાવનાર વ્યક્તિઓએ ઓફીસ : ૨૦૩, એમ.આઈ.જી. ૧૬૦, સ્વાતંત્ર્ય સેનાની નગર, સમતા શોપીંગ સેન્ટર, પોલીસ ચોકીની બાજુમાં, સમતા, વડોદરા, ગુજરાત-૩૯૦૦૨૩. સમય સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાકે ભેગા થવાનું રહેશે. જેમને સંસ્થાના ઉદ્દેશોમાં રસ હોય એવા વ્યક્તિઓ નક્કી કરેલ ફી ભરીને સભ્ય બની શકશે.

- દેવીપુજક મઢ સમતા સમિતિ ટ્રસ્ટ

વડોદરા મહાનગરપાલિકા

વડોદરા મહાનગરપાલિકાના પ્લોટો / જમીનો વેચાણ (OUTRIGHT SALE) થી મેળવવા અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકાના વિવિધ ટી.પી. સ્કીમો અન્વયે પ્રાપ્ત થયેલ વિવિધ હેતુ માટેના પ્લોટો (freehold land) જાહેર હરાજીથી વેચાણથી આપવા નિયત નમુનાના અરજીપત્રકમા અરજીઓ મંગાવવામા આવે છે. રસ ધરાવતી સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, ઓર્ગેનાઇઝર્સ / ડેવલપર્સ / સંસ્થા / હોલસેલ-રીટેલમાર્કેટ / બેંક / ધંધા સાથે સંકળાયેલ વેપારીઓ / વ્યકિતઓ વિગેરે અરજી કરી જાહેર હરાજીમાં ભાગ લઇ શકશે.

૧. જાહેર હરાજીમાં ભાગ લેવા અર્નેસ્ટમની ડીપોઝીટ ભરવાની છેલ્લી તારીખ : ૦૬/૦૪/૨૦૨૬ (સોમવાર).

અ. નં.	ટી. પી. સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)	હેતુ	મીનીમમ અપસેટ વેલ્યુ રૂા. (પ્રતિ ચો.મી.)	વિસ્તાર / સરનામું
૧	૧ – હરણી	૧૫૬ + ૧૫૭	૧૬,૫૨૩	સેલ ફોર કોમર્શિયલ	૧,૧૦,૦૦૦/-	શ્રી સિધ્ધેશ્વર પેરાડાઈસની સામે, મહારાણા પ્રતાપ રોડ(હરણી-સમા લિંક રોડ), હરણી.
૨	૧ – હરણી	૧૫૪	૫૯૨૦	સેલ ફોર કોમર્શિયલ	૧,૨૦,૦૦૦/-	રાધે શ્યામ પાર્ટી પ્લોટ અને શ્રી બાલાજી ગાર્ડનની વચ્ચેવાળો પ્લોટ, હરણી-વિશ્વદ રોડ, હરણી.

શૈક્ષણિક / આરોગ્ય હેતુસર ૫૦% મુજબ મળવાપાત્ર રાહત બાદની અપસેટ વેલ્યુ

અ. નં.	ટી.પી. સ્કીમ નંબર	ફા.પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.	હેતુ	મીનીમમ અપસેટ વેલ્યુ રૂા. (પ્રતિ ચો.મી.)	૫૦% રાહત બાદની મીનીમમ અપસેટ વેલ્યુ રૂા. (પ્રતિ ચો.મી.)	વિસ્તાર / સરનામું
૧	૧૧ - સમા (એક્ષ.)	૮૨	૧૪૩૨	હોસ્પિટલ	૮૫,૦૦૦/-	૪૨,૫૦૦/-	ચુર્યદિપ સોસાયટીની બાજુમાં, ત્રીમુર્તી બંગ્લોઝ રોડ, સમા.

–: જાહેર હરાજીમાં ભાગ લેવાની સામાન્ય શરતો :–

૧. **અર્નેસ્ટમની ડીપોઝીટ:** હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા બીડરે તમામ પ્લોટોમાં બોલી બોલવાના અધિકાર માટે રૂા.૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) ભરવાના રહેશે. સદર રકમ "**મ્યુનિસિપલ કમિશનર, વડોદરા**" નામનો શીડયુલ બેંકના વડોદરામાં ચુકવણી થાય તેવા રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફટથી ભરવાની રહેશે.
૨. મ્યુનિસિપલ કમિશનર, વડોદારા મહાનગરપાલિકાને મહત્તમ બોલી સ્વિકારવાનો અથવા નકારવાનો અબાધિત અધિકાર રહેશે અને તે નિર્ણય છેવટનો અને તમામ બીડરને બંધનકર્તા રહેશે.
૩. પ્લોટ ઉપર મળવાપાત્ર બાંધકામ, એફ.એસ.આઇ. વિગેરે વિગતો અમલી C.G.D.C.R. ના નિયમો મુજબ જરૂરી સ્પષ્ટતા ટાઉન ડેવલોપમેન્ટ ઓફિસ (બાંધકામ પરવાનગી શાખા) માંથી મળી શકશે.
૪. જાહેર હરાજીના સ્થળ, સમય, તારીખમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર મ્યુનિસિપલ કમિશનરશ્રી, વડોદરાનો રહેશે. જે કે આ અંગેની સુચનાઓ બીડરને પર્યાપ્ત સમયગાળો રાખીને આપવામાં આવશે.
૫. હરાજીમાં ભાગ લેવા માટેની અરજીનું ફોર્મ તથા વધુ વિગતો/માહિતી વડોદરા મહાનગરપાલિકા સ્થિત રૂમ નં:૨૦૩, જમીન મિલકત શાખા (કોમર્શિયલ), ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા, ગુજરાત-૩૯૦૨૦૯ ની કચેરીમાંથી ૧૧:૦૦ થી ૨:૦૦ કલાક દરમ્યાન તે અંગેની નિયત ફી રૂા.૧૦૦/- રોડકા ભરેથી મળી શકશે.

વધુ વિગતો માટે ફોન નં.(૦૨૬૫) ૨૪૩૩૩૮૮, ૨૪૩૩૧૧૬, ૨૪૩૩૩૧૮ (એક્ષ્ટેન્શન-૩૦૮) તથા વેબ સાઇટ www.vmc.gov.in પર જોવા વિનંતી છે.

પી.આર.ઓ. નં.૧૨૯૦/૨૦૨૫-૨૬. **મ્યુનિસિપલ કમિશનર**

બેંક ઑફ બરોડા Bank of Baroda
સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પરિશિષ્ટ-૪-એ (જુઓ નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ)
રીજનલ ઓફિસ, બરોડા સિટી રીજીયન-II, આઠમો માળ, સુરજ પ્લાઝા-I, સયાજીગંજ, બરોડા - ૩૯૦૦૨૦, ગુજરાત. ફોન : ૦૯૭૧૬૯૩૫૨૪૫

**સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિ